26/159

નામ:- ઊમરાણીયા જીગર ઘનશ્યામ ભાઈ

શાળા:- વી. ડી. હાઈસ્કૂલ ભુજ.

વિષય:- હિંસા સામે જજુમતો માનવી

ધોરણ:- 11th

નંબર:- 59

વર્ગ:- અ

# હિંસા સામે ઝઝૂમતો માનવી

હિંસા એટલે શું ? સામાન્ય ચર્ચામાં જ્યારે આ વિષય ઉપર વાત થતી હોય છે. ત્યારે આપણે ફક્ત એવું જ કહેતા હોઈ છીએ કે હિંસા એટલે કોઈપણ બીજાને શારિરિક તકલીફ પહોંચાડવી એ પછી એ પશું, જીવજંતુ કે માનવી હોઈ શકે. પરંતુ આટલી વ્યાખ્યામાં હિંસાને વર્ણવી ના શકાય. હિંસાનાં બીજા સ્વરૂપ પણ છે જે કદાચ આપણે જાણતા નથી. ફક્ત શારીરિક તકલીફ પહોંચાડવી જેમકે કોઈને શારીરિક યાતના આપવી, માર-મારવો એવું બધુ.

હિંસાના બીજા સ્વરૂપો જેમકે આર્થિક હિંસા, વંશીય હિંસા, ધાર્મિક હિંસા, શારીરિક હિંસા, માનસિક હિંસા, સ્વમાન હિંસા, અને આંતરીક હિંસા. વગેરે પણ એકરીતે હિંસાના સ્વરૂપો છે જે હકીકતે શારીરિક હિંસા કરતા પણ વધારે ભયંકર છે.

હું જ્યારે મારી જાતને સમાજ સમક્ષ મુકુ છું. ત્યારે જાણવા મળે છે. રોજ છાપા અખબારોમાં હિંસાને લગતા સમાચારો અવારનવાર આવતા હોય છે. દા.ત. કોઈ પુરૂષ તેની માતા સાથે મળી તેની પત્નીને માર માર્યો અને તેને જીવતી સળગાવી નાખી, તેને દહેજ દેવા માટે મજબુર કરી, તેને પોતાના માવતર પક્ષ પ્રત્યે મહેણા માર્યા અને તેને માનસીક રીતે એટલી હેરાન કરી કે તે સ્ત્રીને આત્મહત્યા કરવામાં પણ અચકાતી નથી. સંબંધોના ડરથી સ્ત્રી કે છોકરી પોતાની આપવીતી પોતાના માતા પિતાને કહી નથી શકતી અને જેને આપણે સામાન્ય

બાબત કહી નકારી કાઢીએ છીએ એજ ઘરેલુ હિંસાના પરિણામે આજે આત્મહત્યાઓનું પ્રમાણ વધી ગયું છે?

આજકાલ જે સૌથી વધારે પ્રમાણમાં હિંસા થતી હોય તો એ છે આંતરીક હિંસા જેનુ બીજું નામ છે "ડિપ્રેશન" આ એવી હિંસા છે. જે આપણે પોતે જ પોતાનું નુકસાન કરીએ છીએ, આંતરીક હિંસાના કારણે ઘણા છે. જેમકે કોઈ પ્રોબલેમનાં લીધે તણાવ અનુભવતા હોઈએ, ભવિષ્યનો ડર સતાવતો હોય, કોઈના દ્વારા બોલાયેલા શબ્દોનું મનમાં ખોટું લાગી ગયું હોય. આવા પ્રકારની આંતરીક હિંસા જે પોતાના મન દ્વારા જ આપણે તેનું નિર્માણ કરીએ છીએ અને તેના પરિણામ સ્વરૂપે આપણે તેમાં વધારેને વધારે નકારાત્મક વિચારોમાં ડુબતા જઈએ છીએ. અને છેવટે જ્યારે તેના સામે લડી શકતા નથી ત્યારે કાંતો બીજાને અથવા પોતાને વગર કારણે સજા આપીએ છીએ.

ત્રીજા પ્રકારની હિંસા છે છેલ્લા કેટલા સમયથી પુરી દુનિયા માટે એક સળગતો પ્રશ્ન છે. એ છે ધાર્મિક હિંસા. આજે બધા લોકો પોતાના ધર્મને જ સર્વ શ્રેષ્ઠ સાબિત કરવામાં લાગ્યા છે? અને એ વાતમાં આપણે ભુલી જ ગયા છીએ કે સૌથી મોટો ધર્મ તો માનવતાનો છે. આપણો જન્મ માનવ તરીકે થયો છે? પરંતુ તે ભુલી જઈને આપણે તેને હિંદુ, મુસલમાન, શીખ એવા વર્ગોમાં વહેંચી નાખી અને તેને જ શ્રેષ્ઠ સાબિત કરવામાં મંડયા રહીએ છીએ.

દા.ત. કોઈ મુસલમાન ધર્મનાં વ્યક્તિનું અકસ્માતમાં ઈજા થાય તો હિંદુ ધર્મનાં માણસો મદદ કરવા તત્પર નહિ થાય. એ નહિ વિચારે કે તે આખરે તો એક માનવ જ છે! બીજું ઉદાહરણ જોઈએ તો કેટલાક ગેરમાર્ગે દોરનારા મુસલમાનના વડા પોતાના ધર્મના ભાઈઓને એવું સમજાવે છે કે આપણા ધર્મનો વિરોધ કરનારા ને કદાચ હત્યા પણ કરશો તો પણ ભગવાન તેને પાપ તરીકે નહિ ગણે અને એટલે જ અત્યારના સમયમાં ISIS, લશ્કર એ તયબા જેવા સંગઠનોનું પ્રમાણ વધી ગયું છે અને સાથેસાથ હિંસાનું પણ. જ્યારે બધા સર્વ ધર્મ સમભાવની ભાવના સાથે જવશે ત્યારે જ બધાનો ઉદ્ધાર થાશે.

ચોથી પ્રકારની હિંસા છે, એ છે આર્થિક હિંસા, જ્યારે કોઈ વ્યક્તિ કે વર્ગને પોતાનો હક આપવામાં નથી આવતો અને તેને સતાવવામાં આવે છે! દાખલા તરીકે તાજેતરમાં જે પાટીદાર સમુદાય એ અનામત માટે આંદોલન કર્યું. એનામાં એટલી બધી હિંસા થઈ કે જેના લીધે સામાન્ય જનતાને પણ તેનો ભોગ બનવું પડ્યું આના કરતાં જો પહેલાથી જ અનામત જેવો વિકલ્પ મુક્યો જ ના હોત તો આ બધુ થાત જ નહિ, ખરુંને? બીજી રીતે આર્થિક હિંસા જોઈએ તો સામાન્ય મજૂર વર્ગનું શોષણ કરવું તેના પાસેથી કામ વધારે લઈને તેનું વળતર ઓછું આપવું

વગેરે એક પ્રકારની આર્થિક હિંસા જ છે.
 મારા મતે જો મેં અનુભવ કરેલો એવી હિંસા હોય તો એ આર્થિક હિંસાનુ ઉદાહરણ તરીકે પાટીદાર સમાજનું આંદોલન જેના જવાબમાં સરકારે એક અઠવાડિયા સુધી જે ઇન્ટરનેટ પર કાપ મુકી રાખ્યો હતો જેને કારણે કરોડો લોકોને નુકસાન વેઠવું હતું જેમકે બેંકની લેવડ- દેવડ, પરિવારજનો સાથે સંપર્ક તુટી જવો અને રોજબરોજના કામ કે જે ફક્ત ઇન્ટરનેટ વડે જ ચાલે છે. હિંસાનું બીજુ ઉદાહરણ એ એવું કે નજીકના સગા-સબંધીને ત્યા લગ્નપ્રસંગે દહેજની માંગણી વતી થઈ જેના લીધે એક સામાન્ય કુટુંબ પર ઘણો આભ તુટી પડ્યું. એ લોકોને પ્રસંગની ખુશી કરતાં દહેજનું દુઃખ ભાર પડી ગયું આવી હિંસા અટકાવી જ જોઈએ અને તે ત્યારે જ શક્ય છે? જયારે બધા વ્યક્તિગત રીતે સમજે.

માણસ માત્ર ભુલને પાત્ર એ વાક્ય સાચે જ ખરું છે પણ ભુલને જલ્દી સુધારવી તે સરળ ઉપાય છે? મારા વડે એકવાર સ્કૂલમાં રંગમાં થોડા શ્યામ એવા એક વિદ્યાર્થીની પજવણી થઈ ગઈ હતી તેનાથી તેને બહુ દુઃખ થયું હતું પરંતુ જ્યારે મને મારી ભુલનો પસ્તાવો થતો ત્યારે મે તેની માફી માંગી અને ફરીથી આવી કોઈ વંશીય હિંસા ના થાય તેનું ધ્યાન રાખીશ. બીજી એક ઘટનામાં મારાથી એક વિદ્યાર્થીને

શારીરિક હિંસા થઈ હતી જે બહુ નજીવી બાબતે શરૂ થઈ હતી પણ જ્યારથી મને ખબર પડી કે હિંસાથી બીજી હિંસાના બીજ રોપાય છે ત્યારથી મે તે માર્ગ છોડી દીધો છે.

એક વાત તો નક્કી છે કે જે મન હોય તો માળવે જવાય. જો આપણે દરેક વ્યક્તિ કોઈ પણ સમસ્યાનું સમાધાન વિચારીએ તો નીકળે જ અને એવી જ રીતે બધી મનની હિંસાને રોકી શકાય. સૌ પ્રથમ તો આપણે કોઈ પણ હિંસાની શરૂઆત થતા પરિબળો અટકાવવા જોઈએ જેથી વાત આગળ વધેજ નહિ. હિંસાનું પરિણામ કાયમ ખરાબ જ હોય છે. આ વાત દરેકે સમજવી જ રહી. આપણી સરકાર કાયદાઓ બનાવે છે તો તેનું પાલન પણ કરવું આપણી ફરજ છે અહિંસાથી જ આપણે આઝાદી મળી છે એ વાત ભુલવી ના જોઈએ.

જયહિંદ